GJBT020048792024		દાખલ તારીખઃ–૧૧/૧૧/૨૦૨૪ રજીસ્ટર તારીખઃ–૧૧/૧૧/૨૦૨૪ નિકાલ તારીખઃ–૦૬/૦૭/૨૦૨૬ સમયઃ–વર્ષ– માસ– દિવસ–

મહે.બોટાદના અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા, મુકામ–બોટાદ, જિ.બોટાદ

ફોજદારી કેસ નંબરઃ–૩૨૧૨/૨૦૨૪
આંકઃ–

ફરિયાદી : માંડણભાઇ લખમણભાઇ પરમાર,
ઉ.વ.૩૨, ધંધો–વેપાર,
રહે.નારાયાણનગર–૨, મીરા પાર્કની ટાંકી પાસે,
પાંચપડા, તા.જિ.બોટાદ.

વિરૂધ્ધ

આરોપી : ઇનુસભાઇ હાજીભાઇ ઉંચડીયા,
ઉ.વ.૪૦, ધંધો–વેપાર,
રહે.ભાવનગર, ભરતનગર, પ્રગતિનગર, ૬૩
એલઆઇજી, ગોલ્ડન ટુમોરો સ્કુલ સામે,
જિ.ભાવનગર.

ગુનો : ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ

ફરિયાદી તરફે વિ.વ.શ્રી એમ.એસ.સોમાણી
આરોપી તરફે વિ.વ.શ્રી બી.જે.ગોહીલ

:: ઠરાવ ::

૧) **ફરિયાદપક્ષના કેસની ટૂક હકિકત એવી છે કે,** ફરિયાદી બોટાદ મુકામે રહી વેપાર ધંધો કરે છે. ફરિયાદી તથા આરોપીના મિત્ર સુલતાનભાઇ સાથે બંને વચ્ચે એકબીજાને પરીચય થયેલ અને મિત્રતાના કારણે આરોપીને આર્થીક નાણાંની જરૂરીયાત હોવાથી ફરિયાદીએ આરોપીના મિત્રના ભાઇ આદિલભાઇના ખાતામાં આરટીજીએસથી પૈસા નાખેલા. આરોપીએ

ફરિયાદીને પૈસા થોડા સમયમાં પરત આપી દેશે તેવો વિશ્વાસ આપેલ, આરોપીએ ફરિયાદીની રૂબરૂ સહી કરી ઇન્ડિયન બેંક, ભાવનગર શાખાનો ચેક રકમ રૂ.૧,૫૦,૦૦૦/- જેના ચેક નંબર-૫૩૫૬૩૧, તા.૨૪/૦૯/૨૦૨૪ વાળો ચેક ફરિયાદીને આપેલ, ફરિયાદીએ હાથઉછીનાની રકમ જુદી જુદી રીતે આપેલ તે રકમની તેમને જરૂરિયાત હોય અને સમય થઇ ગયેલ હોય રકમની માંગણી કરતા આરોપીએ ચેક વટાવી નાખવાનું જણાવેલ. જેથી આરોપીના જણાવ્યા અનુસાર ફરિયાદીએ આરોપીએ આપેલ ચેક ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંક, બોટાદ શાખામાં વટાવવા સબબ નાખતા તે ચેક તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ "DRAWER'S SIGNATURES DIFFERS" ના શેરા સાથે પરત ફરેલ છે. આ કામના આરોપી પ્રથમથી જ સારી રીતે જાણતા હતા કે ફરિયાદીને જે ચેક આપેલ છે તે ચેક વાળા ખાતામાં સહી અલગ હોવાનું જાણવા છતાં આરોપીએ સદરહું ખાતાનો ચેક ફરિયાદીને આપેલ અને ચેક ફરિયાદીએ પોતાના બેંક એકાઉન્ટમાં વટાવવા જતા ચેક "DRAWER'S SIGNATURES DIFFERS"ના શેરા સાથે પરત ફરેલ છે. આમ, આ કામના આરોપીનો પ્રથમથી જ ફરિયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવાના ઇરાદે ફરિયાદીનો વિશ્વાસ ભંગ કરેલ છે. આરોપી અને ફરિયાદી વચ્ચે પ્રીવીટી ઓફ કોન્ટ્રાક્ટ છે જે આરોપીએ ભંગ કરેલ છે. તેમજ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. જેથી ફરિયાદીએ ગઇ તા.૦૧/૧૦/૨૦૨૪ ના રોજ રજી.એ.ડી. પોસ્ટથી આરોપીના સરનામે વકિલશ્રી મારફતે નોટિસ આપેલ છે. જે નોટિસ આરોપીને મળી ગયેલ છે અને આરોપીએ તેનો કોઇ જવાબ આપેલ નથી. તેથી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તેમ કહી હાલના ગુના અંગેની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

૨) વધુમાં હાલના કેસમાં આરોપીને નોટિસ/સમન્સ બજતા તેઓ હાજર રહેલ છે અને તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ નકલો આપી હાલનો કેસ આગળ ચલાવવો છે તે પુછતા તેઓ દ્વારા કેસ

આગળ ચલાવવો છે તેમ જણાવતા આંક–૧૩ થી આરોપીની ગુના અંગેની પ્લી લેવામાં આવેલ છે.

૩) વધુમાં ફરિયાદપક્ષે રજૂ કરેલ નિ.૩/૧ થી ૩/૭ વાળા દસ્તાવેજોને આંક–૧૬ થી ૨૨ આપેલ છે તેમજ ફરિયાદપક્ષ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

૪) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

:: મૌખિક પુરાવો ::

ક્રમ	જુબાની	આંક
૧	ફરિયાદી માંડણભાઇ લખમણભાઇ પરમારનું સરતપાસનું સોગંદનામું	૦૪

:: દસ્તાવેજી પુરાવો ::

ક્રમ	જુબાની	આંક
૧	અસલ ચેક નંબર–૫૩૫૬૩૧	૧૬
૨	બેંક રીટર્ન મેમો	૧૭
૩	ફરિયાદીએ વકિલ મારફતે આરોપીને આપેલ નોટિસ	૧૮
૪	નોટિસ રજી.એ.ડી.ની અસલ પહોંચ	૧૯
૫	પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપ	૨૦
૬	પોસ્ટ ટ્રેક કન્સાઇમેન્ટ	૨૧
૭	આધારકાર્ડની નકલ	૨૨

૫) વધુમાં આ કામે ફરિયાદપક્ષે પુરાવો પુર્ણ થતાં ***આંક–૪૩*** થી ***કલોઝીંગ પુરસીસ*** આપી પોતાનો પુરાવો પુર્ણ રાખેલ છે. ત્યારબાદ કામ આરોપીના વધારાના નીવેદન માટે રાખવામાં આવતા આરોપી ફરિયાદી તરફે રજૂ થયેલ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો કબૂલ મંજૂર નથી તેમ જણાવી

વિશેષમાં જણાવે છે કે, ***અમો તદ્દન નિર્દોષ માણસ છીએ, અમારે કોઈ કાયદેસરનું લેણું નથી છતા અમારી પર ખોટો કેસ કરવામાં આવેલ છે જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.*** તેવી હકિકત જણાવે છે.

૬) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.એસ.સોમાણીની તથા બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી બી.જે.ગોહીલની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૭) ઉપરોક્ત હકિકતોએ સદરહું કેસનાં ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: <u>મુદ્દાઓ</u> ::

(૧) શું ફરિયાદપક્ષ એ હકિકત નિશંકપણે સાબિત કરે છે કે આરોપીએ ફરિયાદીનું કાયદેસરનું લેણું રૂ.૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર) પુરા ચૂકવવા માટે પોતાની ઈન્ડિયન બેંક, ભાવનગર શાખાનો રૂ.૧,૫૦,૦૦૦/-ચેક નં.૫૩૫૬૩૧, તા.૨૪/૦૯/૨૦૨૪ આપતા ફરિયાદીએ પોતાની , ઉજીવન સ્મોલ ફાયનાન્સ બેંક બોટાદ શાખામાં જમા કરાવતા વગર વસૂલાતે "DRAWER'S SIGNATURES DIFFERS" ના શેરા સાથે તારીખઃ- ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ રીટર્ન મેમા માં જણાવેલ કારણસર સદર ચેક પરત ફરેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ એ નિશંકપણે પુરવાર કરે છે કે, બેંકે ચેક સ્વિકાર્યા વિના પરત ફરેલો જેની જાણ ફરિયાદીને જાણ થયાના ૩૦ દિવસમાં આરોપીને લેણાં અંગે નોટિસ આપેલી હોવા છતાં આરોપી નિયત સમયમાં ફરિયાદીની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલા છે?

(૩) આખરી હુકમ?

૮) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે મારા નિર્ણોય અને તેના કારણો નીચે મુજબ છે.

:: <u>નિર્ણયો</u> ::

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ..

:: <u>કારણો</u> ::

૯). મુદ્દા નંબર–૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય હકિકતો અને પુરાવાનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર આ તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે, ફરિયાદી તરફે વિ.વ.શ્રી **એમ.એસ.સોમાણી** તેમની રજૂઆતમાં જણાવે છે કે, આરોપીના મિત્રના ભાઈને પૈસાની જરૂર પડતા તેઓએ રકમ આપેલ અને આ રકમ ચુકવવાનો વાયદો આરોપીએ કરેલ ત્યારબાદ વારંવાર ઉઘરાણી કરતા રકમ પરત આપેલ નહિ અને કાયદેસરના લેણાં ચુકવવા માટે નોટિસ આપેલ હોવા છતાં કોઈ રકમ ચુકવેલ નથી કે નોટિસનો જવાબ આપેલ નથી જેથી ફરીયાદીની ઉલટતપાસમાં કોઈ વિશેષ હકીકત બહાર લાવી શકેલ નથી ત્યારે ફરીયાદીએ પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય સજા કરવા રજુઆત કરેલ છે.

બચાવપક્ષે વિ.વ.શ્રીએ તેમની મૌખિક રજૂઆતમાં જણાવે છે કે આરોપી દ્વારા ફરિયાદી પાસેથી કોઇ રકમ લીધેલ નથી. વધુમાં ફરીયાદીની ફરીયાદમાં ફરીયાદમાં જ આરોપીએ કોઈ અન્યને રકમ આપેલ છે અને અમારી પાસેથી ખોટી રીતે ચેક મેળવી લીધેલ છે અને ફરીયાદીએ પોતાની ફાયનાન્સ કેપીસીટી પુરવાર કરેલ નથી ત્યારે ફરીયાદી આરોપી વિરુધ્ધ કાયદેસરનું લેણું

સાબીત કરતા ન હોય બચાવપક્ષે ફરીયાદીની ફરીયાદનું ખંડન કરેલ હોય આરોપીએ કાયદેસરના લેણાં પેટે કોઈ ચેક આપેલ ન હોય આરોપીને નિર્દોષ જાહેર કરવા રજુઆત કરેલ છે.

આ કામે ફરિયાદીનું આરોપી ઉપર કાયદેસરનું લેણું છે કે કેમ તે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાન મુજબ આરોપીએ કાયદેસરનું લેણું ચૂકવવા માટે ચેક આપેલ છે તેવું માનવાનું રહે છે જ્યાં સુધી આરોપી તરફે તેનું પુરતું ખંડન ન કરે ત્યારે આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ છે તેવી હકિકત માની લેવામાં આવશે.

ફરીયાદીએ તેમના સમર્થનમાં આંક–૪ થી સરતપાસના સોગંદનામામાં તેમની ફરિયાદ હકીકતને સંપૂર્ણ સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે.

આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ રીટર્ન ભરતા નથી, કહેવતી રકમ તેમની બચતના રૂપિયા છે, આ રકમ તેમની પાસે કેવી રીતે આવી તેનો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ રાખેલ નથી, તેઓએ સુલતાનભાઇ રહીમભાઇ મહેતરનાઓ સાથે ગાડીના કરાર કરેલ છે, આ કામે કોઇ કરાર રજૂ રાખેલ નથી, આ કામે જે પૈસાની લેતી દેતી છે તે તેઓએ આદીલના ખાતામાં ટ્રાન્સફર કરેલા, યુનીસભાઇના ખાતામાં તેઓએ રકમ ટ્રાન્સફર કરેલ નથી તેમજ તે અંગેના કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ નથી. સાહેદે જાતે જણાવેલ કે બંને બાપ–દિકરા છે, ગાડીનો વ્યવહાર સુલતાનભાઇ રહીમભાઇનાઓ સાથે કરેલો, સવાલ–ગાડી અંગેના વ્યવહારના પૈસા સુલતાનભાઇ રહીમભાઇ પાસેથી લેવાના થાય, જવાબ–સુલતાનભાઇના કહેવાથી તેઓએ યુનુસભાઇના હાજીભાઇના ખાતામાં પૈસા આપેલા, યુનુસભાઇ હાજીભાઇ ઉંચડીયાના ખાતામાં પૈસા નાખેલા તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ રાખેલ નથી, તેઓએ રૂ.૧,૫૦,૦૦૦ નાખેલા સીવાય બીજી કોઇ રકમ નાંખેલ નહીં, હાલના વ્યવહાર બાદ રૂ.૨૦૦૦ નો અન્ય વ્યવહાર થયેલ, તેઓની સરતપાસના સોગંદનામામાં તથા ફરિયાદમાં

તેમને રૂ.૨૦૦૦ લેવાના તેવી કોઇ હકિકત જણાવેલી નથી, ફરિયાદમાં વ્યવહાર થયેલ છે તે ગાડીના મુળ માલિક અફઝલખાન જહલખાન પઠાણ તેના મુળ માલિક છે, તેના દિકરા આસીફખાન છે, આસીફખાન પઠાણે સુલતાનભાઇનાઓને ગાડી આપેલી અને તેની પાસેથી તેઓએ કરાર કરી ગાડી લીધેલી, ગાડીના મુળ માલિકે ગાડી મેળવવા ફરિયાદ આપેલી.

આમ, ફરીયાદીના પુરાવા મુજબ આરોપી જોડે આ અંગેનો વ્યવહાર થયેલ નથી પરંતુ અન્ય વ્યકિત જોડે વ્યવહાર થયેલ છે તે માત્રથી જ ફરીયાદીનો કેસ ખોટો છે તેમ માની શકાય નહિ. વધુમાં આ કામે આરોપીએ કોઈપણ વ્યકિતના વ્યવહાર પેટે ફરીયાદીને ચેક આપેલ હોય ત્યારે તેવી હકીકત માની લેવામાં આવશે કે આરોપીએ કાયદેસરના લેણાં અંગેનો ચેક આપેલ છે.

વધુમાં આ કામે ના.ઉચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો–

TEDHI SINGH v.NARAYAN DASS MAHANT CRIMINAL CRIMINAL APPEAL NO.362 OF 2022
(Arising out of SLP (Crl) No.1963 OF 2019)
7th March,2022.

Honble Court held that in Para-9 the Trial Court and the First Appellate Court have noted that in the case under Section 138 of the N. I. Act the complainant need not show in the first instance that he had the capacity. The proceedings under Section 138 of the N. I. Act is not a civil suit. At the time, when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have

the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity. To that extent the Courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further, more importantly, achieve this result through the cross examination of the witnesses of the complainant. Ultimately, it becomes the duty of the Courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case, the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence.

આમ, આ કામે ના.ઉચ્ચ અદાલતનો ચુકાદો ઘ્યાને લેતા આરોપી દ્વારા એવા કોઈ દસ્તાવેજી પુરાવા કે મૌખીક પુરાવા રજુ રાખેલ નથી જેથી એ હકીકત સાબીત થાય કે ફરીયાદી પુરતી નાણાંકીય સઘ્ધરતા ઘરાવતા નથી તેમજ આરોપીએ નોટિસનો પણ કોઈ જવાબ આપેલ નથી ત્યારે બચાવપક્ષની ઉકત રજુઆત કે ફરીયાદી નાણાંકીય સઘ્ધરતા ઘરાવતા નથી તે બચાવ

ટકવાપાત્ર જણાતો નથી.

૧૦) આ કામે બચાવપક્ષે તેમની રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદીએ એ હકીકત સ્વીકારે છે કે, ચેકમાંની સહી અંગેની વિગત તથા ચેકમાં તેમનું નામ ગુજરાતીમાં તથા રકમ ગુજરાતીમાં અને આંકડા ઈગ્લીશમાં લખેલ છે તેવી હકીકત જણાવે છે ત્યારે આરોપીએ કોઈ ચેક આપેલ નથી. વધુમાં બચાવપક્ષે પોતાની મૌખીક રજુઆતમાં ના.ઉચ્ચ અદાલતના ચુકાદો રજુ રાખેલ છે.

Basalingappa v. Mudibasappa(CRI.A.NO.636/2019) (2019) 5 SCC 418-

Honble Apex Court held that only when the signatures on the cheque are admitted by the accused, there arises a presumption in favour of the complainant in terms of Section 139 and Section 118 of the Negotiable Instruments Act that the cheque must have been issued by the accused for consideration and in discharge of his legally enforceable debt or liability towards the complainant.

આમ ના.ઉચ્ચ અદાલતના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ આરોપીએ પોતે સહી અંગેના પ્રશ્ન પુછેલ છે પરંતુ બચાવપક્ષ દ્વારા ચેકમાં તથા રીટર્ન મેમોમાં સહી અલગ અલગ છે તે અંગે બેંકના કર્મચારી કે ખુદ આરોપી દ્વારા પોતે કે અન્યની જુબાની રજુ રાખેલ નથી.

વધુમાં બચાવપક્ષ દ્વારા ફરીયાદીએ ચેકની રકમ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી પરંતુ દસ્તાવેજી પુરાવા માત્ર સિવીલ કેસોમાં જરૂરી થઈ પડે છે અને જયારે આરોપીએ પોતે સહી કરી ચેક આપેલ

હોય ત્યારે એ હકીકત માની લેવામાં આવશે કે આરોપીએ કાયદેસરના લેણાં ચુકવવા માટે ચેક આપેલ છે. આમ, આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ નથી તેવી હકીકત ટકવાપાત્ર જણાતી નથી.

વધુમાં આંક–૧૬ વાળો ચેક વંચાણે લેવામાં આવે તો તેમાં પેઈના ખાનામાં ગુજરાતીમાં માંડણભાઈ લક્ષ્મણભાઈ પરમાર તથા રૂપિયાના ખાનામાં એક લાખ પચાસ હજાર રૂપિયાની હકીકત જણાવેલ છે અને સહીના ખાનામાં ઉચડીયા ઈનુસહાજી એવું જણાવેલ છે ત્યારે બચાવપક્ષ ધ્વારા આ ચેકમાં સહી અને બોડીના અક્ષરો અલગ હોવા બાબત એફ.એસ.એલમાં ચેક મોકલવા અંગે કોઈ અરજી આપેલ નથી તેમજ આંક–૧૦ થી આરોપીનું વકીલાતપત્ર તથા આંક–૧૩ થી આરોપીની પ્લી વંચાણે લેતા તેમાં જે સહી આરોપી ધ્વારા કરેલ છે તેવી જ સહી ચેકમાં છે ત્યારે ચેકમાં બોડીના અક્ષરો અને સહી એક જ વ્યકિતની છે તે હકીકત પુરવાર થાય છે.

આમ, આરોપીએ આપેલ આંક–૧૬ વાળો, તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજનો ઈન્ડીયન બેંક, ભાવનગર શાખાનો ચેક નં.૫૩૫૬૩૧ વાળો રૂ.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર) પુરાનો આપતા ફરિયાદીએ પોતાની ઉજીવન સ્મોલ ફાયનાન્સ બેંક, બોટાદ શાખામાં જમા કરાવતા તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ " ડ્રોઅર સીગ્નેચર ડીફર" ના શેરા સાથે બેંકના સહી સિકકા સાથે પરત ફરેલ છે જે આંક– ૧૭ થી રીટર્ન મેમો રજૂ છે ત્યારે આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ ત્રણ માસમાં સબંધિત બેંકમાં જમા કરાવેલ હોય આંક–૧૬ વાળો ચેક નિયત સમયમર્યાદામાં જમા કરાવેલ છે જે હકીકત પુરવાર થાય છે.

૧૧) ફરિયાદપક્ષે **વિ.વ.શ્રી એમ.એસ.સોમાણી** તેમની મૌખિક રજૂઆતમાં

જણાવે છે કે, ફરિયાદના કામે આરોપીએ આપેલ કાયદેસરના લેણાં પેટે ચેક પરત ફરતા આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ નિયત સમયમર્યાદમાં રજી.પોસ્ટ એડી. થી નોટિસ આપેલ છે જેથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કાયદા મુજબ ચેક પરત ફરતા દિન–૩૦ માં નોટિસ આપવી પડે ત્યારે કાયદા મુજબ ફરિયાદીએ દિન–૩૦ માં નોટિસ આપેલ હોય ત્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના આવશ્યક તત્વનું પાલન થયેલ હોય ત્યારે આરોપીને યોગ્ય સમયમર્યાદામાં નોટિસ આપેલ છે જે ફરિયાદીએ પુરવાર કરેલ છે.

આ કામે ચેક રીટર્ન થયા બાદ આરોપીને એક માસમાં નોટિસ આપવી પડે ત્યારે તકરારી ચેક આંક–૧૭ થી તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ " ડ્રોઅર સીગ્નેચર ડીફર " ના શેરા સાથે રીટર્ન થયેલ છે તેની જાણ ફરિયાદીને થતા આંક–૧૮ વાળી નોટિસ તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ આરોપીના ઘરના સરનામે કરેલ છે જે સબબ આંક–૧૯ થી પોસ્ટ ની પાવતી રજુ રાખેલ છે ત્યારે આ કામે આંક–૧૭ વાળા ચેક રીટર્ન મેમો મુજબ ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ પરત ફરતા તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ નોટિસ આપેલ છે જે હાલની નોટિસ એક માસમાં આપેલ હોય ત્યારે આંક–૧૭ વાળી નોટિસ સમયમર્યાદામાં આપેલ છે જે હકીકત પુરવાર થાય છે.

૧૨) આ કામે ફરીયાદપક્ષના વિ.વ.શ્રી તેમની રજુઆતમાં હાલની ફરીયાદ સબબ આરોપીને નોટિસની બજવણી થયેલ છે તે અંગેનો પોસ્ટની એકલોજમેન્ટ સ્લીપ તથા પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ વંચાણે લેતા નોટિસની બજવણી નિયત સમયમર્યાદામાં થયેલ છે તેમજ ફરીયાદ પણ નિયતસમર્યાદામાં ના.કોર્ટમાં દાખલ કરેલ છે.

આ કામે આરોપીને નોટિસ બજેલ છે કે કેમ તે ધ્યાને લેવામાં આવે તો

આરોપીને આંક–૧૮ થી તેઓના ઘરના સરનામે નોટિસ આપતા આંક–૨૦ થી પોસ્ટની એકલોજમેન્ટ સ્લીપ તેમજ આંક–૨૧ થી પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ રજુ રાખેલ છે જે વંચાણે લેતા આરોપીને તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ નોટિસની બજવણી થયેલ છે.

વધુમાં નોટિસની બજવણી કાયદેસરની કયારે થઈ ગણાય તે અંગે ના.ઉચ્ચ અદાલતના ઘણા બધા ચુકાદામાં ઠરાવેલ છે.

Chikkachowdappa Vs S.M. Seetharam 2013 LAWS(kar)-

Honble Court held that only requirement for the service of demand notice is that, the notice should have been sent to the correct address of the drawer. Since the mode of service is not prescribed by the law, it can be sent either by registered post or under certificate of posting or otherwise. The expressions ‘Left, not known’, ‘not available in the house’, ‘house locked’, shop closed etc., are all synonyms. Therefore, if the address of the drawer is proved to be correct, even if the notice is returned with the above remarks, then the notice is deemed to have been served on the drawer.

આમ, ના.ઉચ્ચ અદાલતનો ચુકાદો તથા *જનરલ કલોજીસ એકટની કલમ–૨૭* મુજબ નોટિસની બજવણી સાચા સરનામે થાય તે પુરતું છે. વધુમાં આંક–૨૦ વાળી એકલોજમેન્ટ સ્લીપમાં સહી અફસાનાને બજી છે તેમજ આરોપી હાજર થતા ઉકત સરનામે રહેતા નથી તેવી કોઈ હકીકત પુરશીશથી કે અન્ય રીતે બહાર લાવેલ નથી ત્યારે એ હકીકત સાબીત થાય છે કે આરોપી

ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે ત્યારે નોટીસની બજવણી યોગ્ય રીતે થયેલ છે તે સાબીત થાય છે.

વધુમાં હાલની ફરિયાદ કાયદેસરની છે કે કેમ તે ધ્યાને લેવામાં આવે તો આરોપીને નોટિસ આપ્યા બાદ લેણી રકમ ચૂકવવા માટે દિન–૧૫ પસાર કર્યા બાદ દિન–૩૦ માં ફરિયાદ દાખલ કરવી પડે ત્યારે આરોપીને નોટિસ તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ બજ્યા બાદ દિન–૧૫ માં આરોપીને ચૂકવણી માટેનો સમય તા.૧૮/૧૦/૨૦૨૪ ગણી એક માસમાં ફરિયાદ દાખલ કરવી પડે ત્યારે હાલની ફરિયાદ તા.૧૭/૧૧/૨૦૨૪ સુધીમાં દાખલ કરવી પડે ત્યારે હાલની ફરિયાદ તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ હોય ત્યારે ફરિયાદ નિયત સમયમર્યાદામાં દાખલ કરેલ છે તે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાથી સાબિત થાય છે.

ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં કરવામાં આવેલ અનુમાનોની વિરૂદ્ધની હકિકત આરોપી સાબિત ન કરે તો એ હકિકત માની લેવામાં આવશે કે આરોપીએ આપેલ ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ છે.

આમ, ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ હોય, **મુદ્દા નં.૧** તથા **મુદ્દા નં.૨** નો જવાબ **હકારમાં** આપી આરોપીને **ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮** ગુનામાં **દોષિત** ઠરાવું છું.

૧૩) ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાત્મક ગુનાની પ્લી તથા ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયબલ પદ્ધતિથી ચલાવવામાં આવેલ છે તે સંજોગોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) મુજબ આ કામના આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે આરોપીને સજાના મુદ્દે સાંભળવાની કોઇ જરૂરિયાત નથી તેમ છતાં કુદરતી

ન્યાયના સિદ્ધાંતને ધ્યાને રાખી આરોપીને સજાના મુદ્દે સાંભળવા જરૂરી છે.

હુકમ આજરોજ તા.૦૬ મી, માહે જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૦૬/૦૭/૨૦૨૬ (ભાવેશભાઇ ગોવિંદભાઇ સોલંકી)
સ્થળઃ–બોટાદ અધિક જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
બોટાદ. (કોડ–જી.જે.૦૦૯૭૬)

<u>સજા અંગે સાંભળ્યા</u>

૧૪) આ કામે ફરિયાદીના વિ.વ.શ્રી હાજર છે ફરિયાદી હાજર નથી. વધુમાં ફરિયાદી પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. ફરિયાદીએ નાણાં વસૂલ મેળવવા માટે આરોપી પાસે કોઈ સિવિલ દાવો કરેલ નથી ત્યારે આરોપી પોતે મજૂરી કરતા હોવા છતાં ફરિયાદીના બાકી લેણાં નહીં ચૂકવી ફરિયાદીને આર્થિક નુકસાન કરેલ છે.

૧૫) આ કામે આરોપીના વિ.વ.શ્રી તથા આરોપી પોતે રજૂઆત માટે હાજર છે અને જણાવે છે કે તેઓ કુંટુંબ કબીલા વાળા છે જેથી વધુ સજા તેમજ દંડ કરવામાં આવશે તો તેઓ તેમના કુંટુંબનો ભરણપોષણ કરી શકશે નહિ જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે રજુઆત કરેલ છે.

૧૬) હાલના કામે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની જોગવાઇઓ ધ્યાને લેતાં બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમના બમણી રકમ સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરી શકશે.

૧૭) વધુમાં હાથ ઉપરના કેસમાં ફરિયાદીની ફરિયાદ દાખલ કર્યાને ૨ (બે) વર્ષ ઉપરાંતનો સમય પસાર થઇ ગયેલ છે અને ફરિયાદી આરોપીને તકસીરવાન ઠરાવવામાં સફળ થયેલ છે, પરંતુ ચેક પરત ફરવાથી થયેલ નુકસાન અને તેનું વળતર સમયમર્યદાને કારણે મેળવી શકેલ નથી.

૧૮) ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટનો મુખ્ય હેતુ લોકોનો બેંક વ્યવહારમાં અને વેપાર ધંધામાં ચેકથી લેવડદેવડ કરતા ચેકમાં સામાન્ય

પ્રજાજનોનો વિશ્વાસ ટકી રહે તે છે. વધુમાં આ કામે આરોપી કુટુંબ કબીલાવાળા હોય જેથી તેઓને વિશેષ લાભ મળી શકે નહી તેમજ હાલનો ગુનો નાણાંકીય પ્રકારનો આર્થિક ગુનો છે.

વધુમાં હાલના તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો ચૂકાદો પણ ધ્યાને લેવો જરૂરી જણાય આવે છે.

૨૦૧૨(૨) જી.એલ.આર.(એસ.સી) ૧૩૫૩ આર.વિજયન વિ. બાબે અને બીજાઓ

સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જ્યારે ફરિયાદ આરોપીને તકસીરવાન ઠરાવવામાં સફળ થયા હોય, પરંતુ ચેક પરત ફરવાથી નુકસાન ગયેલ હોય તેનું વળતર મેળવી શકે નહીં કારણકે કેસની કાર્યવાહી દરમિયાન સમયમર્યદા પુરી થઈ ગયેલ હોય. આવા બનાવને થતા અટકાવવા અને સમાનતા લાવવા માટે અદાલતે નિરીક્ષણ કર્યું કે જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે ત્યારે ચેકની રકમથી બમણી રકમનો દંડ ભરવા હુકમ કરવો અને તેમાંથી ચેકની રકમ જેટલું વળતર ૯ ટકાના સાદા વ્યાજ સાથે ફરિયાદીને ચૂકવવાનો હુકમ કરવો અને જ્યારે સજામાં દંડનો સમાવેશ થતો ન હોય અને કોર્ટને એવું જણાય કે કોઈ વ્યકિતને આરોપીના કૃત્ય દ્વારા નુકસાન, ઈજા થયેલ છે, ત્યારે ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ વળતરનો કોર્ટ હુકમ કરી શકશે.

આમ, ઉપરોક્ત કેસના સંજોગો જોવામાં આવે તો આરોપી બેંકના વ્યવહારથી માહિતગાર હોવા છતાં ફરિયાદીની રકમ ચૂકવવા માટે કોશિષ કરેલ નથી. વધુમાં આરોપી પાસે નાણાંની કોઈ જ જોગવાઈ નથી તેવું માની શકાય તેમ નથી કેમ કે આરોપી વેપારી વ્યકિત હોવા છતાં ફરિયાદીની રકમ ચૂકવેલ નથી ત્યારે ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીના કૃત્યને લીધે ભોગવવી પડેલ ઈજા અને નુકસાનને પણ ધ્યાને લેતાં ફરિયાદીએ નાણાં વૂસલ મેળવવા માટે કોઈ અલગ દિવાની દાવો કરેલ ન હોય તેમજ અન્ય પ્રકારનો સિવિલ તેમજ ક્રિમિનલ દાવાદુવીનો અંત લાવવા અને ચેકથી

થતા વ્યવહારોમાં અને સામાન્ય લોકોમાં બેંક વ્યવહારોમાં ચેકની વિશ્વનિયતા ટકી રહે તેમજ ચેકનો દુરૂપયોગ થતો અટકે તે હકિકતને ધ્યાનમાં રાખીને તેમજ ઉપરોક્ત તમામ રજૂઆતો, જોગવાઇઓ તથા વિવિધ ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને રાખીને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે, તેવા નિર્ણય પર આવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આ ખ રી હુ ક મ

(૧) આ કામના આરોપી **ઇનુસભાઇ હાજીભાઇ ઉંચડીયા**, રહે. ભરતનગર, પ્રગતિનગર, ૬૩ એલઆઇજી ગોલ્ડન ટુમોરો સ્કુલ સામે, જિ.ભાવનગર નાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨)** અન્વયે **ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી **૧ વર્ષની** સાદી કેદની સજા તથા **રૂ.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ)** પુરા દંડનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપીએ વળતર પેટે ઉપરોક્ત દંડની રકમમાંથી **રૂ.૧,૫૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર)** પુરા ફરિયાદીને ચૂકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ **૩ (ત્રણ) માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં આરોપીના જામીન તથા બોન્ડ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ ગુનાના કામે આરોપી જો જેલમાં રહેલ હોય તો તેટલી સજા મજરે આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ

ચૂકાદાની નકલ વિનામુલ્યે પુરી પાડવી.

(૪) ઉપરોક્ત સજાઓ એકસાથે ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ મી, માહે જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૦૬/૦૭/૨૦૨૬ (ભાવેશભાઇ ગોવિંદભાઇ સોલંકી)
સ્થળઃ–બોટાદ અધિક જ્યુડિશિયલ મેંજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
બોટાદ. (કોડ–જી.જે.૦૦૯૭૬)